અરવલ્લી જીલ્લામાં વિદેશ પ્રવાસથી પરત ફરેલા

# ૫ લોકોની ઘરે ઓબ્ઝર્વેશન કરતી આરોગ્ય તંત્રની ટીમ

દેશમાં કોરોના વાયરસનો ખતરો બીજા તબક્કામાં પહોંચી ગયો છે. હજુ તો વાયરસથી થનાર બીમાર કોવિડ-૧૯ એ લોકો સુધી જ સીમિત છે જે પ્રભાવિત દેશમાંથી પાછા આવ્યા છે અને જે સંક્રમિતોના સંપર્કમાં આવ્યા છે. સરકાર હવે આગળ સંક્રમણ ફેલતા કે કમ સે કમ તેને નેકસ્ટ તબક્કામાં પહોંચતા રોકવા તનતોડ કોશિષ કરી રહ્યું છે.ત્યારે અરવલ્લી જીલ્લામાં વિદેશ પ્રવાસ કરી પરત ફરેલા ૫ લોકોને આરોગ્ય વિભાગની દેખરેખ હેઠળ ઘરમાં ઓબ્જર્વેશન હેઠળ રાખવામાં આવ્યા છે જિલ્લા આરોગ્ય વિભાગ સાબદું બની ૫ હોસ્પિટલમાં વેન્ટિલેટર સાથે ૧૨ બેડ અને આઈસોલેશન વોર્ડ સહીત આરોગ્ય લક્ષી સેવાઓ માટે તમામ સગવડ ઉભી કરી દેવામાં આવી છે અત્યાર સુધી વિદેશ પ્રવાસથી પરત ફરેલા ૩૨ જેટલા લોકોને ઓબ્જર્વેશન હેઠળ રાખવામાં આવ્યા હતા અને કોરોના વાઈરસથી સંક્રમણિત છે કે નહિ તે માટે પરીક્ષણ કરાવવામાં આવતા તમામના રિપોર્ટ નેગેટિવ આવતા હાશકારો અનુભવ્યો હતો



આરોગ્ય વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર,તાજેતરમાં અરવલ્લી જીલ્લામાં ૫ લોકો વિદેશ પ્રવાસ કરી પરત ફર્યા છે જેમાં બે મહિલા અને ત્રણ પુરુષનો છે મોડાસા શહેરમાં ત્રણ, બાયડના સાઠંબા ગામમાં એક અને પહાડપુરમાં ૧ વ્યક્તિને તેમના ઘરે જ આરોગ્ય વિભાગની ટીમે ઓબ્જર્વેશન હેઠળ રાખ્યા છે આરોગ્ય વિભાગની ટિમ ૫ લોકોના ટેમ્પરેચરની સમયાંતરે માપણી કરવાની સાથે શરદી,ખાંસી છે કે નહિ તેની ચકાસણી હાથધરી છે.

જિલ્લા આરોગ્ય વિભાગ કોરોના વાઈરસ સામે સંપૂર્ણ રીતે તૈયાર હોવાની સાથે વાઈરસ સંક્રમિત વ્યક્તિ થી એનકેન પ્રકારે પ્રવેશ કરે તો આ કોરોના નામની મહામારી સામે પહોંચી શકાય તે માટે સંપૂર્ણ રીતે સુસજ્જ હોવાનું જણાઈ રહ્યું છે.

# ટ્રેક્ટર-ટ્રેલરની જ ચોરી કરતો અનોખો ચોર

## મોડાસા ટાઉન પોલીસે ટ્રેક્ટર ટ્રેલર સાથે રાજસ્થાની ચોરને દબોચી ટ્રેલર ચોરીનો ભેદ ઉકેલ્યો





મોડાસા, તા. ૧૪

તમે ચોરીની અનેક ઘટનાઓ વિશે સાંભળ્યું હશે પણ તેઓ કયા પ્રકારની વસ્તુઓની ચોરી કરતા હોય છે તે વિશે કદાચ જ જાણતા હશો. ત્યારે અરવલ્લી જિલ્લા સહીત રાજસ્થાનમાંથી ટ્રેક્ટર-ટ્રેલરની જ ચોરી કરનાર અનોખો ચોરને મોડાસા ટાઉન પોલીસે સહયોગ ચોકડી નજીકથી ચોરીના ટ્રેક્ટર-ટ્રેલર સાથે દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો. ટાઉન પોલીસે ૭ દિવસ અગાઉ હજીરા વિસ્તારમાંથી કારખાના આગળથી થયેલ ટ્રેલરની ચોરીનો ભેદ પણ ઉકેલી નાખવામાં સફળતા મળી હતી.

૭ માર્ચે મોડાસાના હજીરા વિસ્તારમાં આવેલ મોડાસા એગ્રિકલચર વેલ્ડિંગ વર્કસ નામના કારખાના આગળથી રાત્રીના સુમારે ટ્રેક્ટરના ટ્રેલરની ચોરી થઈ હતી જેની ફરિયાદ ટાઉન પોલીસ સ્ટેશને નોંધાતા ટાઉન પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમે ઘટનાસ્થળે પહોંચી આજુબાજુના સીસીટીવી કેમેરા ચેક કરવાની સાથે બાતમીદારોની મદદ લીધી હતી. સર્વલન્સની ટીમને બાતમી મળતા સહયોગ ચોકડી નજીક વોચ ગોઠવી દઈ ચોરીના વાદળી કલરના ટ્રેક્ટરના સાથે ચોરેલ ટ્રેલર લગાવી પસાર થતા પપ્પુ રામલાલ કટારા(રહે.ગલન્દર, બિચ્છીવાડા, રાજસ્થાન)ને ઝડપી પાડી ટ્રેલર ચોરીના લૂંટનો ભેદ ઉકેલી નાખ્યો હતો.

મોડાસા ટાઉન પોલીસે ચોરીના ટ્રેલર સાથે ઝડપાયેલ પપ્પુ રામલાલ કટારાની સઘન પૂછપરછ કરતા ટ્રેક્ટર પણ રાજસ્થાનમાંથી એક અઠવાડિયા પહેલા ચોરેલ હતું અને અગાઉ પણ આરોપી ટ્રેક્ટર-ટ્રેલર ચોરી કેસમાં અને લૂંટમાં અઢી વર્ષ સુધી જેલવાસ ભોગવી ચુક્યો હોવાનું સ્વીકાર્યું હતું. મોડાસા ટાઉન પોલીસે ચોરેલ ટ્રેક્ટર કીં. રૂ. ૫૦૦૦૦૦ તથા ટ્રેલર કિં. ૭૦૦૦૦ મળી કુલ રૂ. ૫૭૦૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

# અંબાજી આપેશ્વર મહાદેવ મંદિર ખાતે ગેર નૃત્યનો કાર્યક્રમ યોજાયો



અંબાજી

શકિતપીઠ અંબાજીમાં વિવિધ સમાજના લોકો રહે છે અને અંબાજી એ રાજસ્થાન અને ગુજરાતની બોર્ડર પર વસેલું ધામ છે હોળી પર્વનાં મારવાડી સમાજ માટે એક અનેરો ઉત્સાહ હોય છે. ત્યારે અંબાજી ખાતે રંગપંચમીનાં દિવસે રબારી સમાજ દ્વારા ઘેર નુત્યનું આયોજન કરવામાં આવ્યું હતું અને આ કાર્યક્રમમાં અંબાજી રબારી સમાજના વડીલો અને યુવાઓએ હર્ષોઉલ્લાસ સાથે ભાગ લીધો હતો અને રંગપંચમીની રાત્રીએ ઘેર રમી અને ઉજવ્યો હતો. વીરાજી જોરજી રબારી, ધરમાજી કેશાજી આલ, મુળાજી હમિરાજી રબારી, રામરામ દેવાજી રબારી સહિત અંબાજી રબારી સમાજે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સહયોગ આપ્યો હતો.

# ઊંઝામાં છરીની અણીએ રોકડ અને દાગીનાની લૂંટ

ઊંઝા, તા. ૧૪

વેપારીમથક ઊંઝા ખાતે એ.પી.એમ.સી. ગેટ નં. ૫ ની સામે આવેલ એક ટ્રાન્સપોર્ટની ઓફિસમાં બેઠેલ વ્યક્તિ પર ખંડણીખોર ટોળકીએ ઘાતકી હૂમલો કરી સોનાના દાગીના તથા રોકડ રકમની લૂંટ ચલાવી ક્યાંક નાસી છૂટ્યા હોવાનો ચોંકાવનારો બનાવ બનતા શહેરમાં ભારે સનસનાટી મચી જવા પામી છે. હૂમલાનો ભોગ બનેલ વ્યક્તિને સારવાર માટે મહેસાણા હોસ્પિટલમાં ખસેડાયા હતા.

ઊંઝા ખાતે જૂના રામપુરામાં રહેતા સુપ્રિમ જીતેન્દ્રભાઈ પટેલ રાતના સવા આઠ વાગ્યાના સુમારે શહેરના એ.પી.એમ.સી. ગેટ નં. ૫ ની સામે આરાસુરી ટ્રાન્સપોર્ટની ઓફિસે બેઠા હતા ત્યારે હથિયારો સાથે આવેલ પાંચ શખ્સોએ ખંડણી માંગી હતી. જેનો ઈન્કાર કરાતાં ઉશ્કેરાયેલા શખ્સોએ અચાનક હથિયારો વડે હૂમલો કર્યો હતો. બાદ શરીરે પહેરેલ સોનાના દોરા, લકી, બે વીંટી તથા રૂપિયા એક લાખ વીસ હજારની રોકડ રકમની લૂંટ ચલાવી નાસી છૂટ્યા હતા. આ શખ્સોએ અગાઉ પણ ખંડણી માગી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનું ફરિયાદીએ જણાવ્યુ હતુ.

દરમિયાન કથિત ખંડણીખોરો દ્વારા કરાયેલ હૂમલાનો ભોગ બનેલ સુપ્રિમ પટેલને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમને સારવાર માટે મહેસાણા હોસ્પિટલમાં કસેડાયા હતા. આ ઘટનાથી વેપારીઓ, ટ્રાન્સપોર્ટરોમાં ભારે ભયની લાગણી ફેલાઈ છે. ઉપરોક્ત બનાવ અંગે ઊંઝા પોલીસે રાવળ હિરેન ઉર્ફે જયંતિલાલ રહે. ઊંઝા, ઠાકોર વિક્રમજી ઉર્ફે વસૂલી તથા અન્ય ત્રણ અજાણ્યા શખ્સો વિરૂદ્ધ શારીરિક મહાવ્યથા, સાપરાધ પ્રવેશ અંગેનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# અરવલ્લીના ખેડૂતે ઓર્ગેનિક ખેતી કરી અને મબલક ઉત્પાદન મેળવ્યું



બાયડ, તા. ૧૪

અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના તેનપુર ગામ ના પ્રગતિશીલ ખેડૂત પ્રવીણભાઈ પટેલ, પ્રવીણભાઈના પત્ની વીણાબેન પટેલ અને શશીકાંતભાઈ પટેલે કોઈપણ જાતના રાસાયણિક ખાતરોના ઉપયોગ વગર તેઓ ખેતી કરે છે. તેઓ બંસી ગીર ગૌશાળા થકી નિઃશુલ્ક બેકટેરિયા મેળવી સફળ ખેતી કરે છે. બંસી ગીર ગૌશાળાના ગોપાલભાઈ સુતરીયાના ગીર-ગો-કૃપા-અમૃતમ કલ્ચર અને બેકટેરિયાથી ખેતી કરી ખેડૂતો સારો અને મબલક પાક મેળવી રહ્યા છે. ગીર-ગો-કૃપા અમૃતમની બોટલ ખેડૂતોને નિઃશુલ્ક આપવામાં આવે છે. તેનપુર ગામના પ્રવીણભાઈ પટેલ બટાકા, ઘઉં અને એરંડા અને કોબીજની ખેતી કરી છે. પ્રવીણભાઈ પટેલે આ ઓર્ગેનિક ખેતી કરીને એક વીગામાં ૪૦૦ મણ બટાકાનું ઉત્પાદન મેળવ્યું છે. એમણે ઓર્ગેનિક ખેતીમાં પકવેલા કેટલાક બટાકાના એક પીસનું વજન ૫૦૦થી ૮૦૦ ગ્રામ પણ છે. તેઓએ આ ખેતી માટે ૩ દેશી ગાયો રાખી છે. જેના થકી તેઓ ખેતીમાં સારું ઉત્પાદન મેળવી રહ્યા છે. પ્રવીણભાઈએ કરેલ આ ખેતી જોવા માટે વિવિધ જગ્યાએથી ખેડૂતો આવે છે. આ બેકટેરિયાનો વિધિસર પ્રયોગ કરવાથી ખેડૂતોને રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓના ખર્ચમાંથી મુક્તિ મળશે. આ ખેતી માટે દેશી ગાય ખૂબ જ ઉપયોગી છે. પ્રવીણભાઈ પટેલે જણાવ્યું હતું કે ગો કૃપા અમૃતમ બેકટેરિયા ખાતર તથા કીટ નિયંત્રણનું કામ કરે છે. ખેડૂતોને ઓછા ખર્ચે ખેતી થાય છે આ ઉપરાંત રાસાયણિક ખાતરથી મુકત ખેતી કરી શકાય છે.

# દેરોલ પાસે આઈશરે બાઈકને ટક્કર મારતા એકનું મોત

હિંમતનગર, તા. ૧૪

વિજાપુરથી હિંમતનગર આવતા રોડ પર આવેલ દેરોલ નજીકથી પસાર થઈ રહેલા એક અજાણ્યા આઈશરના ચાલકે ગફલતભરી રીતે આઈસર હંકારીને બાઈકને ટક્કર મારતા તેના ચાલકનું ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યુ હતુ. તેમજ બાઈકની પાછળ બેઠેલ મહિલાને ગંભીર ઈજા થઈ હતી. જે અંગેની ફરીયાદ શુક્રવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે લાલાજી તલાજી ઠાકોર (રહે. ચડાસણા, તા. માણસા)એ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ શુક્રવારે ભીખાજી તલાજી ઠાકોર અને જયાબેન બાઈક લઈને દેરોલ પાસેથી પસાર થઈ રહ્યા હતા.

ત્યારે વિજાપુરથી હિંમતનગર તરફ આવી રહેલ આઈશર નં. જીજે-૧૮-એટી-૮૭૫૩ના ચાલકે બાઈકનો બેકીકરાઈ અને ગફલતભરી રીતે હંકારીને બાઈક નં. જીજે-૧૮-ડીએચ-૩૮૬૭ને જોરદાર ટક્કર મારી હતી જેથી બાઈક પર જઈ રહેલ ભિખાભાઈ ઠાકોર અને જયાબેનને ઈજા થતા સારવાર માટે ખસેડાયા હતા જયાં ભીખાજી ઠાકોરનું ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યુ હતુ. જે બદલ લાલાજી ઠાકોરે આઈશરના ચાલક વિરૂદ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# ભારત ભ્રમણે નીકળેલ સ્પેનિશ કપલની મદદે પહોંચ્યું માલપુર વનવિભાગ તંત્ર

## ટ્રાવેલર બસ જંગલમાં ફસાતા બહાર કાઢી આપી





મોડાસા, તા. ૧૪

ભારતીય વૈવિધ્ય સભર સંસ્કૃતિથી અભિભૂત થઈ અનેક દેશમાંથી વિદેશીઓ દેશની મુલાકાતે અભ્યાસ અર્થે આવતા હોય છે. વિદેશી પર્યટકો પણ દર વર્ષે મોટી સંખ્યામાં ઉમટી પડે છે કેટલાક વિદેશી યુવક-યુવતીઓ આધુનિક જીવનશૈલીથી કંટાળી શાંતિની શોધમાં ભારતમાં ભટકતા પણ જોવા મળે છે. ત્યારે ભારત ભ્રમણે નીકળેલ સ્પેનિશ કપલ અરવલ્લી જીલ્લાના માલપુરના જંગલ વિસ્તારમાં પહોંચ્યું હતું. સ્પેનિશ કપલની ટ્રાવેલર ગાડી ખાડામાં ખુંપી જતા સ્પેનિશ યુવકે વનવિભાગ તંત્રના કર્મચારીઓની મદદ માંગતા ટ્રેક્ટરની મદદથી ટ્રાવેલર બસ બહાર નીકાળવામાં મદદ કરતા સ્પેનિશ કપલે વનવિભાગના કર્મચારીઓનો આભાર વ્યક્ત કરી ગોવા જવા નીકળી ગયું હતું. વહીવટીતંત્ર, સ્થાનિકતંત્ર અને આઈ.બી. વિભાગને સ્પેનિશ કપલ ત્રણ દિવસ જંગલમાં રોકાણ કર્યું એ અંગે જાણ હતી કે પછી ગંધ સુદ્ધાં આવી નથી જેવા પ્રશ્નો સ્થાનિકોમાં પેદા થયા છે.

પ્રાપ્ત માહિતી મુજબ અરવલ્લી જીલ્લાના માલપુર તાલુકાના રૂઘનાથપુરા ગામ નજીક વાત્રક નદીના કિનારે જંગલ જેવા વિસ્તારમાં ત્રણ-ચાર દિવસથી એક સ્પેનિશ કપલ રોકાણ કરવાની રહેવા ખાવાની સુવિધાથી સજ્જ મર્સીડીઝ ટ્રાવેલરમાં પહોંચી પડાવ નાખ્યો હતો. રૂઘનાથપુરાથી પ્રયાણ કરતા સમયે સ્પેનિશ કપલની ટ્રાવેલર બેન્ઝ જંગલમાં વાત્રક નદીના કિનારે કાદવમાં ખુંપી જતા સ્પેનિશ યુવકે અનેક પ્રયત્નો કરવા છતાં બહાર ન નીકળતા નજીકમાં આવેલ વનવિભાગ તંત્રની નર્સરીમાં ઈલેક્ટ્રિક સ્કૂટર લઈને પહોંચી વનવિભાગના કર્મચારીઓ રોહિત ભારતીય અને રાજુભાઈ નામના કર્મચારી પાસે સ્પેનિશ ભાષામાં મદદ માંગતા બંને કર્મચારીઓ મૂંઝવણમાં મુકાયા હતા. વનવિભાગના કર્મચારીઓએ ગુગલ ટ્રાન્સલેટના આધારે સ્પેનિશ ભાષાનું ગુજરાતીમાં રૂપાંતરિત કરતા વિદેશી યુવકની ટ્રાવેલર જંગલમાં ખાડામાં ફસાઈ હોવાની જાણ થતા વનવિભાગના કર્મચારીઓ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી ટ્રેક્ટરની મદદથી ટ્રાવેલર ગાડી બહાર કાઢી આપતા સ્પેનિશ કપલ પર તણાયેલી ચિંતાની લકીરો દૂર થતા ખુશીથી ઝુમી ઉઠ્યું હતું અને ગોવા તરફ પ્રયાણ કર્યું હતું. વનવિભાગ તંત્રના કર્મચારીઓ પણ સ્પેનિશ કપલ જે જગ્યાએ ગાઢ જંગલ વિસ્તારમાં ફસાયું હતું તે સ્થળ પર કઈ રીતે પહોંચ્યું હશે તે અંગે અચંબિત બન્યા હતા સ્પેનિશ કપલે ત્રણથી ચાર દિવસ રોકાણ કર્યું ત્યારે ગામલોકોમાં પણ કુતુહલ સર્જાયું હતું પરંતુ આ અંગે અગમ્ય કારણોસર તંત્રને જાણ કરવાનું મુનાસીબ માન્યું ન હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી વિદેશી યુવક જીવન જરૂરિયાત ચીજ વસ્તુઓ ખરીદવા ઈલેક્ટ્રિક મોપેડ લઈ માલપુર બજારની મુલાકાત પણ બે ત્રણ વાર કરી હોવાનું વેપારી આલમમાં ચર્ચા ચાલી રહી છે.

# લોભીયા હોય ત્યાં ધુતારા ભૂખે મરે નહીં, અંબાજી મંદિરની મહિલા પોલીસ ઠગાયા





અંબાજી, તા. ૧૪

આજે યાત્રાધામ અંબાજી ખાતે અંબાજી મંદિર સદન સુરક્ષામાં ફરજ બજાવતા મહિલા પોલીસકર્મી સાથે છેતરપીંડીનો બનાવ બનતા પોલીસ પણ ચોંકી ઉઠી છે. અંબાજી મદિરમાં ફરજ બજાવતા મહિલા પોલીસકર્મીના ઘરે આજે સવારે ૧૧ વાગ્યાના સુમારે બે અજાણ્યા ઈસમો આવી અને ઘરેણા ધોવાની લાલચ આપી અને ઘરેણાની લૂંટ કરી થયા ફરાર થઈ જતા પોલીસ એક્શન મોડમા આવી ગઈ છે. આ બાબતે મહિલા પોલીસે અંબાજી પોલીસ મથકમા ફરીયાદ કરતા પોલીસ આ તત્વોને પકડવા માટે ટીમો બનાવી છે. આમ આજે અંબાજી ખાતે દાગીના ધોવાના બહાને ઈસમો પોલીસને ઉલ્લુ બનાવી ભાગી ગયા હતા.

શકિતપીઠ અંબાજી મંદિરમાં સઘન સુરક્ષામાં ફરજ બજાવતા મહિલા પોલીસકર્મીના ઘરે ૧૩ માર્ચના સવારે ૧૧ વાગ્યાના સુમારે બે અજાણ્યા ઈસમો પાર્સલનું બહાનું કરી ઘરમા પ્રવેશ કર્યો હતો. ઘરમા આવ્યા બાદ ઘરના માલિકે કહ્યુ હતુ કે તમારૂ કોઈ પાર્સલ આવ્યું નથી તો તે અજાણ્યા ઈસમો કહેવા લાગ્યા કે અમારી પાસે ઘરેણા, વાસણ, ધોવાનો પાવડર છે આપ કહો તો ધોઇને બતાવું તેમ કહી ઘર માલિકે તેમને તાંબાનો લોટો ધોવા આપ્યો હતો અને ત્યારબાદ તે ઈસમોએ તાંબાનો લોટો સાફ કરીને આપ્યો હતો ત્યાર બાદ તેમને કીધું કે અમારી પાસે ઘરેણા ધોવાનો પણ પાવડર છે તો તે ઘરમાં રહેતા ઉષાબેને તેમના પગમાં પહેરેલી ચાંદીની તોડી ધોવા આપી ત્યારે તે ઈસમો એ તે ચાંદીની તોડી પણ સાફ ધોઈને પરત આપેલ ત્યાર બાદ ઉષાબેનના માતા ગુણવંતીબેન બહાર આવ્યા અને તેમને તેમના ગળામાં પહેરેલી દોઢ તોલાની સોનાની ચેન, હાથમાં પહેરેલી ત્રણ તોલાની સોનાની બંગડી બે તથા એક સોનાની બે આની ભરની વિંટી આશરે તમામની કિંમત ૧,૩૮,૦૦૦ ધોવા આપેલ ત્યાર તે ઈસમો દ્વારા આ તમામ દાગીનાને એક સ્ટીલના ડબ્બામાં મૂકી અને ઈસમો જોડે રહેલો પાવડર અને તે ઘર માલિક જોડે ઘરમાંથી હળદર અને પાણી મંગાવી અને તે સ્ટીલના ડબ્બામાં મૂકી અને રસોડામાં જઈ ગેસ પર ગરમ કરવા લાગ્યા અને ત્યારબાદ તે ઘર માલિકને કીધું કે આ ડબ્બો ઠંડો થઈ જાય પછી આ ડબ્બામાંથી દાગીના બહાર કાઢવા તેમ કહી તે ઈસમો ફરાર થઈ ગયા. આશરે એક બે મિનિટ બાદ તે ઘર માલિકે તે સ્ટીલનો ડબ્બો ખોલતા અંદર રહેલા તમામ દાગીના ગાયબ હતા ફક્ત હળદરનું પાણી અને કાનની બુટી તે ડબ્બામાં મળી હતી. ત્યારબાદ તે ઘર માલિક બહાર આવતા ત્યાર સુધી તે ઈસમો ફરાર હતા ત્યારબાદ ઘર માલિકે અંબાજી પોલીસ સ્ટેશનમાં આ બંને અજાણ્યા ઈસમો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે અને અંબાજી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે, આમ આજે મહિલા પોલીસ જ ચોરોના ચક્કરમા આવતા પોતે તેનો ભોગ બન્યા હતા.

# ડીસામાં યોજાનાર જિલ્લા કક્ષાનો આરોગ્ય મેળો રદ

## કોરોના વાયરસના કારણે તમામ તૈયારીઓ થયા બાદ મેળો રદ કરાયો



ડીસા, તા. ૧૪

બનાસકાંઠા જિલ્લાના તાલુકા મથક ડીસામાં આજે રવિવારે જિલ્લાકક્ષાનો આરોગ્ય મેળો સિવિલ હોસ્પિટલ ખાતે યોજાનાર હતો જેમાં સમગ્ર જિલ્લામાંથી આવનાર દરેક રોગોના રોગીઓને વિના મૂલ્યે તપાસ અને દવાઓ પણ વિતરણ કરવામાં આવનાર હતી પરંતુ શનિવારે ડીસામાં કોરોના વાઈરસના ચાર શંકાસ્પદ દર્દીઓ મળી આવતા ખળભળાટ મચી ગયો હતો અને આરોગ્ય વિભાગ દ્વારા વધુ લોકો ભેગા ન થાય અને તેનો ચેપ ન ફેલાય તેવા હેતુસર આ આરોગ્ય મેળો રદ કરવામાં આવ્યો છે.

આ મામલે ડીસા તાલુકા આરોગ્ય અધિકારી જીગ્નેશ હરિયાણીએ જણાવ્યું હતું કે સમગ્ર દુનિયાને કોરોના વાયરસે ભરડામાં લીધી છે અને શનિવારે ડીસાની ભણસાલી હોસ્પિટલમાં ઈન્ટરશીપ કરતા ઓસ્ટ્રેલિયાના ચાર તબીબોમાં પણ શંકાસ્પદ લક્ષણો દેખાતા તેમને પાલનપુર ખાતે રીફર કરી ઓબ્જરવેશન હેઠળ રખાયા છે તેમજ તેમના બ્લડ સેમ્પલ લઈ ચકાસણી અર્થે મોકલવામાં આવ્યા છે. ત્યારે ચિંતાજનક રીતે ફેલાઈ રહેલા કોરોના વાયરસની પરિસ્થિતિને ધ્યાને લઈ ડીસા ખાતે રવિવારે યોજાનાર જિલ્લા કક્ષાનો આરોગ્ય મેળો પણ રદ કરવામાં આવ્યો છે અને તેની જાહેરાત પણ તમામ જિલ્લા લેવલે કરવામાં આવી છે તેમ છતાં કોઈ દર્દી આવશે તો તેના માટે સિવિલ ખાતે એક કાઉન્ટર ઉભું કરવામાં આવ્યું છે જ્યાં આવનાર દર્દીઓને રોગ પ્રતિકારક શક્તિ વધે તે માટે ઉકાળનું પણ વિના મુલ્યે વિતરણ કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.